# અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં ૧૮૭ સરકારી કર્મચારીઓને નિમણૂકપત્રો એનાયત કરાયા

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે પંચાયત સંવર્ગમાં પસંદગી પામેલ ૧૮૭ ઉમેદવારોને





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

નિમણૂંક પત્રો એનાયત કરવાનો કાર્યક્રમ ગૃહ રાજય અને જિલ્લા -ભારી મંત્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

નવનિયુક્ત કર્મચારીઓને અભિનંદન પાઠવતા ગૃહ અને જિલ્લા -ભારી મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યુ હતુ કે, રાજય સરકારે શિક્ષણને આર્થિક પાયો ગણાવી છેક છેવાડાના ગામોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી એક લાખથી વધુ શિક્ષકોની પારદર્શક રીતે ભરતી કરી છે.

પરંતુ ગામડાઓનો સાચો વિકાસ થઈ શકે તે માટે પાયાના જરૂરીયાત સમાન ગ્રામવિકાસ અને આરોગ્ય સુદઢીકરણ માટે તમામ જિલ્લા પંચાયતોમાં ખાલી પડેલ પંચાયત સંવર્ગની ભરતી -ક્રિયાની કામગીરી પારદર્શિતાથી હાથધરી હતી. જેના પરિણામે થકી આજે સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના ૧૮૭ ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવી રહ્ના છે.

મંત્રીએ નવનિયુકત તલાટી, કલાર્ક, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ફિમેલ હેલ્થ વર્કરોને અનુરોધ કરતા જણાવ્યું હતુ કે ગામડાના સમાન્ય માણસની જરૂરીયાત સમજી સરકારી યોજનાનો મહત્તમ લાભ મળી રહે તેવો નિષ્ઠાવાન -યાસ કરવો જોઈએ

આ -સંગે સમાજના સુખાકારી આરોગ્ય માટે જિલ્લા આરોગ્યતંત્ર ધ્વારા નોન કોમ્યુનિકલ ડિસીઝ કિલીનીકનો ગૃહ રાજયમંત્રીના હસ્તે -રંભ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયત -મુખ હેમલતાબેન પટેલે જણાવ્યુ હતુ કે, નવનિયુકતો જિલ્લા પંચાયત પરિવારમાં જોડાતા આનંદની લાગણી વ્યકત કરી -મુખએ નિષ્ઠાથી ફરજ બજાવવા આહવાન કર્યુ હતુ.

આ -સંગે સાબરકાંઠા કલેકટર બંછાનિધિ પાની અને અરવલ્લી જિલ્લા કલેકટર બી.જે.ભટ્ટે -રસંગિક ઉદ્દબોધન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના વિવિધ સમિતિઓના ચેરમેન, તાલુકા પંચાયતના -મુખઓ અરવલ્લી જિલ્લા અગ્રણી ભરતસિંહ રહેવર, સહિત આરોગ્ય અને પંચાયત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્ના હતા.

## મેઘરજ તાલુકા કોંગ્રેસ પ્રમુખપદે સુરમાભાઈ પારગીની વરણી

મુલોજ, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે તાજેતરમાં સુરમાભાઈ પારગીની બિન હરીફ વરણી કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના કોંગ્રેસના પ્રમુખ નાનજીભાઈ દામાનું દુઃખદ અવસાન થતા નવા પ્રમુખની વરણી માટે કોંગ્રેસ આગેવાનોની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, બલવંતસિંહ રાઠોડ, જતિનભાઈ પંડયા, મણીલાલ પાંડોર, બી.એસ. નિનામા, સવજીભાઈ વણઝારા, રાયચંદભાઈ ડામોર વનરાજસિંહ ખાંટ, સુરેન્દ્રસિંહ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને સર્વ સંમતિથી મેઘરજ તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે બિનહરીફ સુરમાભાઈ પારગીની વરણી કરવામાં આવી છે.

## માલપુરમાં ઈદગાહનો ઈફતેતાહ કાર્યક્રમ યોજાયો

મુલોજ, તા. ૧૦

માલપુર ખાતે મુસ્લિમ સિપાઈ જમાઅત ટ્રસ્ટ આયોજીત ઈદગાહનો ઈફતેતાહ ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

અરવલ્લી જિલ્લાના માલપુર મુકામે મુસ્લિમ સમાજના મુસ્લિમ સિપાઈ જમાઅત ટ્રસ્ટ મારફતે ઈદગાહનો ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાયો હતો જે પ્રસંગે મુસ્લિમ સમાજના મો. શફી મદની, ઈલ્યાસ કુરેશી, પ્રતાપસિંહ ખાંટ, સંજય પટેલ, સુરેન્દ્રસિંહ રાઠોડ, હસમુખ મહેતા, વનરાજસિંહ ખાંટ, હીરાભાઈ વણકર, જે.જી. રાઓલ, ગીરીશ સોની, શૈલેષ પંડયા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે મોડાસાના હબીબભાઈ શેઠ તથા નીબભાઈ શેઠએ વિશેષ સહકાર આપ્યો હતો.

# તલોદમાં રિક્ષાચાલકોની બેફામ મનમાની : તંત્રને નજીવી મલાઈ મળવાથી આંખ આડા કાન

તલોદ, તા. ૧૦

તલોદમાં છેલ્લા કેટલાક સમયથી રિક્ષાચાલકોની મન-માની ચાલી રહી છે. મુસાફરીમાં બેફામ ભાડુ વસુલી પોતાની મનમાની ચલાવી રહ્યા છે. ગમે ત્યારે ગમે ત્યાં આડેધડ પાર્ક કરી કલાકો સુધી ટ્રાફિકઝામ કરી દઈ દાદાગીરી જેવા દ્રશ્યો ઉભા કરી રહ્યા છે. તલોદ પોલીસ મુખ્ય મથક સામે જ વહેલી સવારથી રિક્ષાચાલકોની જમાવટ કરી દેતા આવન-જાવન લોકો હાલાકી ભોગવી રહ્યા છે. બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેન્ડ નજીકમાં જ હોવાથી મુસાફરી કરી રિક્ષા દ્વારા મુસાફરી કરતાં લોકોને લંબાણથી લઈ જઈ મનમાની ભાડુ વસુલતા તલોદના રિક્ષા ચાલકો પર રોષ લોકો ઠાલવી રહ્યા છે. ચાલતા ભાડા કરતા ડબલ ભાડુ અજાણ્યા માણસ સમજી લઈ લેતા લોકોમાં ઘણીવાર ઝઘડા જેવા દ્રશ્યો પણ ઉભા થતાં હોય છે.

તલોદ તંત્ર દર માસે ૨૦૦ લેખે એક રિક્ષાદિઠ મલાઈ મળી જતા રિક્ષાચાલકો મુસાફરો ઉપર તવાઈ ભાડામાં કરી રહ્યા છે. કારણ કે તેમને કોઈ જ રોકટોક હોતી નથી. ઘણીવાર રિક્ષાચાલકોની આડેધડ ચલાવતા અને ભાડા વસુલ અંગે બૂમરાણને તલોદતંત્ર સમક્ષ ફરીયાદ કરતાં સબસલામતની ભાવના પ્રગટ થાય છે. ગમે ત્યારે ગમે તેની દુકાન આગળ ઉભી કરી દી ચક્કાઝામ જેવી પરિસ્થિતિ ઉભી કરવામાં તલોદના રિક્ષાચાલકો અવલ્લ નંબર ધરાવેછે. એમાંય વળી યુનીયન કે ભાડા નિશ્ચિત હોવા છતાં ખોટી થવાનો પણ ચાર્જ વધારાનો વસુલતા હોય છે. નજીવા અને ટુંકાણ વાળી મુસાફરી પણ રિક્ષાચાલકો મીનીમમ ૩૦ રૂ. થી ચાલુ કરી દઈ જેવા મુસાફર તેવાં ભાડા લઈ લેતા લોકોમાં એક દહેશત ઉભી કરી છે.

તલોદમાં કેટલાક ઈમાનદાર રિક્ષા ડ્રાઈવરોને દબાવી ફોસલાવી તલોદ તંત્ર હપ્તો ન મળવાથી ગાડી ડીટેન કરે છે જેથી તેમનો હપ્તો રેગ્યુલર ચાલુ થઈ જાય છે. રિક્ષાઓમાં કેટલીક રિક્ષાના કાગળો કે રજીસ્ટ્રેશન વગર ફરે છે જેનું આર.ટી.ઓ.માં કોઈજ અસ્તિત્વ નથી તેમ છતાં તલોદ તંત્ર જીવના જોખમે ફરતી આવી રિક્ષાઓ પર કોઈ જ કાર્યવાહી કરતી નથી જેમાં કેટલીક રિક્ષાઓમાં નશાયુક્ત પદાર્થની ખુલ્લેઆમ આપલે પણ થતી હોય છે. તેમ છતાં છતી આંખે કોઈજ રોકટોક વગર તંત્રની રહેમ રાહ ચાલે છે.

# સાબરકાંઠા - અરવલ્લીના ભાજપના સાંસદે આંદોલન કરવા છતાં ભાજપની સરકારે જનતાને છેતરી

મોડાસા, તા. ૧૦

ભાજપ શાસિત એન.ડી.એ.ની કેન્દ્ર સરકારના રેલમંત્રીએ સંસદમાં રેલ બજેટ રજુ કર્યું. આ રેલ બજેટમાં સાબરકાંઠા કે અરવલ્લી જિલ્લાનો ઉલ્લેખ સુદ્ધાં સાંભળવા મળ્યો નથી. આ રેલવે બજેટમાં જિલ્લાની એક પણ માંગણી સ્વીકારીઈ ન હોઈ આ રેલ બજેટ બંને જિલ્લાને બળાહળ અન્યાય કર્યાનું ફલિત થાય છે. આ રેલવે બજેટમાં બંને જિલ્લાની વર્ષો જુની માંગણીઓ સંતોષાશે તેવી લોકોને આશા હતા. પરંતુ આ આશા ઠગારી નીવડી છે પરંતુ દર વખતની જેમ આ રેલવે બજેટમાં પણ જિલ્લાને ઠેંગો બતાવી દેવાયો છે એ રીતે રેલ બજેટ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા માટે નિરાશાજનક છે. જેની સર્વ ટીકા થઈ રહી છે.

સાબરકાંઠા બ્રોડગેજ લાઈન તથા મોડાસા લાઈન શામળાજી સુધી લંબાવવાની વર્ષો જુની માંગણી અને રજૂઆતો એળે ગઈ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન



(તસવીર : નિરવકુમાર સુથાર, મોડાસા)

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમક્ષ આ રજૂઆતો અને માંગણીઓથી પુરેપુરા વાકેફ અને માહિતગાર છે તેમ છતાં રેલ બજેટમાં કોઈ ફાળવણી ન થતાં લોકોમાં હતાશા વ્યાપી છે અને સાથે આક્રોશ પણ વ્યાપી ગયો છે. ભાજપની નવી સરકારે પ્રારંભમાં જ જનતા સાથે છેહ દઈ અન્યાય કરેલ છે તેમનું સૂત્ર અચ્છે દિન આયેગે તેના બદલે લોકો કહેવા માંડ્યા છે કે બુરે દિન શરૂ થઈ ગયા છે.

છેલ્લા કેટલાય વર્ષોથી હિંમતનગરથી ઉદેપુર જતી મીટરગેજ રેલ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે અને મોડાસા રેલ લાઈનને શામળાજી સાથે જોઈન્ટ કરવા ટીંટોઇ સુધી લંબાવવાની માંગણી સાથે વડાપ્રધાન વાકેફ હોવા છતાં તેઓ આ ભેટ જનતાને આપી શક્યા નથી તેમજ હિંમતનગર ખેડબ્રહ્મા લાઈનને અંબાજી સુધી લંબાવવાની માંગણી સંતોષવામાં આવી નથી. સમગ્ર રીતે આ રેલ બજેટ સંતોષજનક નથી અને હતાશાજનક છે તેવી પ્રતિતિ લોકોને થઈ રહી છે. ફક્ત બે માસ થયા છે. લોકો છેતરાયાની અનુભૂતિ કરી રહ્યા છે. આ અંગે સાબરકાંઠાના નવા સાંસદ દિપસિંહ રાઠોડ બ્રોડગેજ રેલ લાઈનનો ઝડપી અમલ અને રેક પોઈન્ટની વાતો અને બણગા ફૂંકતા હતા તેઓ તેમના વાયદાના અમલીકરણમાં નિષ્ફળ ગયા છે.

# ડીસામાં ધોળાં દિવસે નગરપાલિકા કચેરી નજીક ૫.૨૦ લાખની ચીલઝડપ

ડીસા, તા. ૧૦

ડીસા નગરપાલિકા નજીક આજે બપોર નાં સમયે ધોળે દિવસે ચીલ ઝડપ નો બનાવનોધાયો છે ,જેમાં પોતાની ગાડી માં બેંક માં પાંચ લાખ થી વધુ ની રકમ મૂકીસમાન ખરીદી કરી રહેલા વહેપારી ની નજર ચૂકવી ગઠીયા એ ગાડી નો દરવાજો સિફ્તથી ખોલી પાંચ લાખ વીસ હજાર ની ચીલઝડપ કરી હતી.

આ ધટના ની મળતી વિગતો જોઈએતો આજે બપોર નાં સમયે ભડથ ગામના વહેપારીદરબારસ્વરુપસીહ બેંક માં પોતાની રૂપિયા પાંચ લાખ વિશ હજાર ની રકમ ભરવા બેંકમાં જતા હતા.જોકે બેંક માં જતા પહેલા ધર સામાન નું કરીયાણું ખરીદવા તેમનેપોતાની સ્કોર્પિયો ગાડી નગરપાલિકા સામે પાર્ક કરી હતી, અને તે બાદ માંડ૨૦ ફૂટ દુર આવેલી દુકાન માં સમાન લેવા ગયા હતા તેવાજ સમયે ઘાટ લગાવી બેઠેલા એક ગઠીયા એ સ્કોર્પિયો ગાડી માં પડેલા રૂપિયા ૫.૨૦ લાખ ની આબાદચીલઝડપ કરી હતી, આ હાથફેરા સમાન કામ ને અંજામ આપી અજાણ્યો ગઠીયો ફરાર થઈગયો હતો, જોકે તે બાદ વાહન માલિક દરબાર સ્વરુપસીહ ગાડી માં સવાર થતારૂપિયા ભરેલી બેગ દેખાયેલ નહિ જેથી તે બાદ આ મામલા ની ડીસા ઉત્તર પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી, અને ઘટના સ્થળે પહોચી છેતરાયેલા ફરિયાદીપાસે થી માહિતી મેળવી હતી, આ મામલે પોલીસે નાકાબંધી કરાવી શકમંદો નીધનિષ્ઠ તપાસ માટે જીલ્લા ભર માં વાયરલેશ સંદેશા એ મેસેજ પાઠવી તપાસ નાંચકો ગતિમાન કરેલ છે, આ મામલે ડીસા ઉત્તર પોલીસે ફરિયાદી સ્વરૂપ સિહદરબાર ની ફરિયાદ આધારે અજાણ્યા ગઠીયા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરેલ છે જોકે ધોળા દિવસે બનેલ આ બનાવ થી શહેર માં ભારે સનસનાટી ફેલાઈ છે.

## મોડાસામાં ચોરીના મોબાઈલ વેચવાનો ધીકતો ધંધો

### મોડાસાના જ એક ઉચ્ચ અધિકારીને જ નકલી ફોન પકડાવી દીધો

મુલોજ, તા. ૧૦

મોડાસા શહેર બ્રાન્ડેડ કંપનીના નકલી મોબાઈલ અને ચોરીના મોબાઈલ માટે આખા દેશમાં મશહૂર છે. મોડાસામાં અનેકવાર રાજય બહારની પોલીસે ઘણીવાર મોડાસાના મોબાઈલ બજારમાં દરોડા પાડયા છે. પણ આગળની કોઈ કાર્યવાહી થતી નથી અને વેપારી જોડે તોડ કરીને જતા રહે છે. મોડાસામાં ઈ.એમ.આઈ. નંબર બદલવાનું દેશવ્યાપી કૌભાંડ ચાલે છે. અરવલ્લી જિલ્લાની પોલીસ પણ નામની કાર્યવાહી ચોપડે બતાવીને આવા ચોરીના મોબાઈલ વેચતા વેપારીઓ જોડે વ્યવહાર કરીને સંતોષ અનુભવે છે. મોડાસા શહેરમાં આખા ભારત દેશના મોબાઈલ વેપારીઓ મોબાઈલ ખરીદવા આવે છે. આવા ચોરાઉ મોબાઈલના વેચાણનું ટર્નઓવર મહિને ૧ કરોડ રૂપિયા છે અને બેફામ બે નંબરી ધંધો કરી રહ્યા છે. આવા ચોરીના મોબાઈલનો ઉપયોગ રોમીયોગીરી કરતા લોકો મહિલાઓની પજવણી કરવા પણ ઉપયોગ કરે છે.

## પાલનપુરની ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ બેંકના હોદ્દેદારો નિમાયા

પાલનપુર,તા. ૧૦

પાલનપુરમાં આવેલી ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લી.ના સંચાલક મંડળના નવા વર્ષના હોદ્દેદારોની બિન હરિફ વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે પુસ્કરભાઈ પટેલની સતત પાંચમાં વર્ષ માટે વરણી કરવામાં આવી હતી. જ્યારે ધી બનાસકાંઠા અર્બન કો. ઓપ. બેંકસ ફેડરેશનના પ્રમુખ તરીકે પણ તેમની જ વરણી કરવામાં આવી હતી. વાઈસ ચેરમેન તરીકે દિનેશચંદ્ર પટેલ, મેનેજીંગ ડિરેક્ટર તરીકે રજનીકાંત પટેલ તથા જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર તરીકે અમૃતલાલ પટેલની વરણી કરવામાં આવી છે.

# પાલનપુર એલઆઈબી શાખાના હેડ કોન્સ્ટેબલે નેપાળના બાળકને માતા-પિતા સાથે પુનઃ મિલન કરાવ્યું

પાલનપુર, તા. ૧૦

પોલીસનુંનામ પડતા જ સામાન્ય રીતે નાગરિકો ફફડી ઉછે છે. ખાખી



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વર્દીને છેટેથી સલામ... તેવુ લોકો કહેતા હોય છે. ત્યારે પાલનપુર જિલ્લા પોલીસની કચેરી ખાતે એલ.આઈ.બી. શાખામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલે માતા-પિતાથી વિખુટા પડેલ દિકરાનું મિલન કરાવવામાં આવ્યુંછે. ડી.જી.પી. દ્વારા હેડ કોન્સ્ટેબલનું સન્માન કરવામાં આવ્યું છે. ગત તા. ૧૬ જાન્યુઆરીના રોજ ભીલડી રેલવે સ્ટેશનથી ૧૧ વર્ષિય નેપાળી બાળક મળી આવ્યો હતો. બાળકને પાલનપુર રીમાન્ડ હોમમાં મુકવામાં આવ્યો હતો. ૧૧ વર્ષનો બાળક પોતાનું ઠામ ઠેકાણુ પણ બોલી શકતો નહતો. ત્યારે પોતાના માતા-પિતાથી વિખુટો પડી ગયેલ બાળકને પરિવારજનો સાથે કેવી રીતે પહોંચાડવો તે પ્રશ્ન ઉત્પન્ન થતા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લા એલ.આઈ.બી. શાખાના હેડ કોન્સ્ટેબલ અબ્દુલ રહેમાન શેરમહંમદને જવાબદારી સોંપાઈ હતી.

ત્યારે કોન્સ્ટેબલ અબ્દુલ રહેમાને પોતાની આગવી સૂઝબૂઝ દ્વારા નેપાળની એન.જી.ઓ.નો સંપર્ક કરી બાળકના માતા-પિતાને શોધવા માટે સહયોગ આપવા જણાવ્યું હતું અને એનજીઓએ તપાસ કરતા બાળક નેપાળના જુમલા જિલ્લાના છુમચોર ગામનો હોવાની જાણકારી મળી હતી. નેપાળી બાળકને માતા-પિતા સાથે પુનઃ મિલન કરાવતા પોલીસ મહાનિર્દેશક પી.સી. ઠાકોર અને મુખ્ય પોલીસ મહાનિર્દેશક પી.સી. ઠાકુર અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય દ્વારા હેડ કોન્સ્ટેબલ અબ્દુલ રહેમાનને સન્માન પત્ર પાઠવ્યું હતું.

## પાલનપુર માહિતી કચેરીના ઉષાબેન પાધ્યાને સહાયક અધિક્ષક તરીકે મળેલી બઢતી

પાલનપુર, તા. ૧૦

પાલનપુર ખાતે જિલ્લા માહિતી કચેરીમાં સિનિયર કલાર્ક તરીકે ફરજ બજવતાં શ્રીમતિ ઉષાબેન પાધ્યાને સહાયક અધીક્ષક તરીકે વડી કચેરી, ગાંધીનગર ખાતે બઢતી આપવામાં આવી છે. તેઓએ ૫-૧૨-૧૯૮૬ થી માહિતી ખાતામાં નોકરી શરૂ કરી હતી. સરકારી નોકરીમાં તેઓના લાંબા અનુભવ દરમિયાન તેઓએ દરેકની સાથે મદદરૂપ થવાની ભાવના કેળવીને આદરભર્યુ સ્થાન પામ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં તેઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવીને પત્રકાર ભાઈ-બહેનો સાથે સારૂ સંકલન કેળવીને સુંદર અને સફળ સેવાઓ બજાવી છે. તેઓને બઢતી મળતાં મિત્રવર્તુળમાં આનંદની લાગણી -સરી છે.

# આમ આદમી પાર્ટી અમદાવાદ દ્વારા ગેરશિસ્ત બદલ પ્રાથમિક સભ્યપદેથી એક સભ્યને નિષ્કાષિત કરાયા

ગાંધીનગર, તા. ૧૦

લોકસભાની ચૂંટણી દરમિયાન તથા તે બાદ આમ આદમી પાર્ટીના ઘણા પ્રાથમિક સભ્યો દ્વારા ગેરશિસ્ત આચરવાનું ધ્યાનમાં આવ્યું હતું. તેઓને અમદાવાદ જિલ્લા સમિતિ દ્વારા લેખિત નોટીસ દ્વારા ખુલાસા કરવા જણાવાયું હતું. જેમના ખુલાસા સંતોષકારક ન હતા તેઓને ફરી વખત સમિતિ સમક્ષ હાજર થવા અને ખુલાસા કરવાની તક આપવામાં આવી હતી. શ્રી નિશાંત વર્માએ તેમ નહિ કરેલ હોવાથી અમદાવાદ જિલ્લા સમિતિએ પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી તેઓને દૂર કરેલ છે.

નાણાકીય ચારિત્ર અને સામુહિક નેતૃત્વમાં અરસપરસ આદર આમ આદમી પાર્ટીના કાર્યકરોનું પ્રાથમિક વલણ છે. જેમાં લેવાતા નિર્ણયોથી સમાંતર થતી પ્રવૃત્તિઓ તેમજ રાષ્ટ્ર સમિતિના માર્ગદર્શનને પણ અવગણીને વિરોધાભાસનું વલણ દાખવેલ છે જે ગેરશિસ્ત બને છે. નિશાંત વર્માએ તે પ્રકારનું ગંભીર નુકશાન પહોંચાડયું હોવાથી તેમને જિલ્લા સમિતિએ કાયમી માટે પક્ષમાંથી દુર કરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# અરવલ્લી અને સાબરકાંઠામાં બટાકા-ડુંગળીના સંગ્રાહખોરો

મોડાસા, તા. ૧૦

હાલ રમઝાન મહિનો ચાલી રહ્યો છે અને બીજી બાજુ વરસાદ ન પડવાના કારણે લીલા શાકભાજી ભાવ આસમાને હોવાના કારણે ગરીબો માટે કસ્તુરી કહેવાતી ડુંગળી અને ગૃહણીઓ માટે દરેક ખોરાકમાં લેવાતા બટાકાના ભાવ ખુબ જ વધી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં કુલ અત્યારે ૪૦ હજાર કિલો બટાકા અને ૩૩ હજાર કિલો ડુંગળીનો સ્ટોક એકત્ર કરવામાં આવેલ છે.

ભારત સરકારે ડુંગળીને આવશ્યક તીજવસ્તુઓમાં સમાવેશ કરેલ છે. આના કારણે સંગ્રાહખોરો ડુંગળીનો કારો બજાર ચલાવી રહ્યા છે. અરવલ્લી જિલ્લાના પુરવઠા વિભાગે વેપારીઓનેસંગ્રાહખોરી ના કરવા માટે ચેતવણી આપી દીધી છે અને જો સંગ્રાહખોરી કરાશે તો આગામી દિવસોમાં સંગ્રાહખોરી કરતા વેપારીઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લા પુરવઠા વિભાગે અત્યારે યુદ્ધના ધોરણે જિલ્લામાં બટાકા ડુંગળીનો સ્ટોક કેટલો પડ્યો છે એની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે. પરંતુ પ્રજાજનો વિચારી રહ્યા છે કે શું અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગ આવા વેપારીઓને અંકુશમાં રાખવામાં સફળ નિવડશે કે નહિ તે જોવું રહ્યું.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧